# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઇ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઇક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટોગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો. M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in




# પ્રિય સન્નારી

કેમ છો?

આવતીકાલે ૮મી માર્ચ એટલે કે ‘ઇન્ટરનેશનલ વીમેન્સ ડે’ છે. તેના સંદર્ભમાં આજે થોડી વાત કરવી છે. આ વાત તો લગભગ આપણે સૌ જાણીએ છીએ કે ૮ માર્ચ ૧૯૧૭માં રશિયામાં સ્ત્રીઓએ ‘બ્રેડ એન્ડ પીસ’ માટે બળવો કર્યો હતો અને ત્યાર બાદ ૧૯૭૭ થી યુનાઈટેડ નેશન્સ દ્વારા આ દિવસની નોંધ લેવાય અને સ્ત્રીઓના હક અને સશક્તિકરણના પ્રતીક તરીકે તેની ઉજવણી કરવાની શરૂઆત થઈ. ‘સન્નારી’ ના માધ્યમથી આપણે સ્ત્રીઓના હક અને સશક્તિકરણ વિષે ઘણી વાત કરી છે. આજે ફક્ત આપણા દેશમાં જ નહિ, દુનિયાભરમાં સ્ત્રીઓએ પોતાનો ડંકો વગાડ્યો છે. એવું કોઈ ક્ષેત્ર બાકી રહ્યું નથી જેમાં સ્ત્રીએ સફળતા મેળવી ન હોય. ઘર હોય કે દેશ, સામાજિક ક્ષેત્ર હોય કે રાજકીય ક્ષેત્ર ,અંતરીક્ષ હોય કે યુદ્ધક્ષેત્ર કે પછી વૈજ્ઞાનિક ક્ષેત્રે પણ સ્ત્રીઓએ ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરી છે.

‘આંતરાષ્ટ્રીય વીમેન્સ ડે’ એટલે સ્ત્રીના હક, તેમની આત્મનિર્ભરતા, તેમના આત્મસમ્માનનું મહત્ત્વ સમજાવતો દિવસ અને ખરેખર, સ્ત્રીએ અત્યાર સુધી જે પણ સફળતાઓ મેળવી તે કાબિલે તારીફ છે, આપણા સૌ માટે ગર્વની વાત છે પરંતુ સ્ત્રીએ જ હંમેશાં શા માટે પોતાને સાબિત કરતાં રહેવાનું? અને ક્યાં સુધી? તમને નથી લાગતું કે હવે પુરુષોએ પોતાને સાબિત કરવાનો સમય આવી ગયો છે! હા, ચાલો આજે જરા આ દિશામાં વિચારી




જોઈએ. આજે સમાજમાં મોટાભાગની છોકરીઓ ક્યાંક નોકરી કરતી હોય કે પોતાનો બિઝનેસ કરતી હોય છે. ફક્ત ઉચ્ચ શિક્ષણ જ નહિ, પોતાના કામમાં પણ ઉચ્ચ સ્થાને પહોંચે છે પરંતુ, જ્યારે લગ્નની વાત આવે ત્યારે તેની કારકિર્દીમાં બ્રેક લાગી જાય છે કારણ કે કેટલાક પુરુષોને સ્ત્રી લગ્ન પછી પણ બહાર કામ માટે જાય તે પસંદ નથી. ખેર, આ વિષે વાત પછી ક્યારેક કરીશું. કેટલાક પુરુષો છે, જેમની વિચારસરણીમાં થોડું પરિવર્તન તો આવ્યું જ છે. તેઓ લગ્ન માટે આર્થિક રીતે સધ્ધર છોકરીની પસંદગી કરે છે પરંતુ શું ખરેખર આજના પુરુષો આર્થિક રીતે સધ્ધર છોકરીને સ્વીકારવા તૈયાર છે? અહીં ‘સ્વીકાર કરવો’ એટલે ફક્ત તે છોકરી સાથે લગ્ન કરવાની વાત નથી, તેની સ્વતંત્ર વિચારસરણીને, તેના સ્વતંત્ર વ્યક્તિત્વને અને સાથે પોતાની સરખી ભાગીદારી



સ્વીકારવાની વાત છે. આર્થિક રીતે સ્વતંત્ર છોકરી જ્યારે લગ્ન કરે છે ત્યારે તેની પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે ઘરના દરેક કામ પણ કરે. એટલે ઘરની અને બહારની એમ બેવડી જવાબદારી તેના માથે આવે છે અને પુરુષ ઘરમાં મદદ કરવામાંથી હાથ ઊંચા કરી દે છે. તે એમ માને છે કે આ જવાબદારી તેની નથી. જો આવી જ રૂઢિચુસ્ત વિચારસરણી આજના છોકરાઓની હોય તો આર્થિક રીતે સધ્ધર છોકરીને સ્વીકારવા માટે તેઓ હજી તૈયાર જ નથી. જો આર્થિક જવાબદારીમાં સ્ત્રી પોતાનો ફાળો આપતી હોય તો પુરુષે પણ ઘરની જવાબદારીમાં પોતાનો ફાળો આપવાનો સમય આવી ગયો છે. સ્ત્રીએ જ શા માટે દરેક ક્ષેત્રમાં તે કામ કરી શકે છે એમ સાબિત કરવું પડે છે? જીવનની ગાડી જો સ્ત્રી અને પુરુષ એમ બે પૈડાં પર ચાલતી હોય તો બંનેને કામનું ભારણ પણ સરખું જ મળવું જોઈએ. સ્ત્રી જ્યારે ઘરકામની સાથે અર્થોપાર્જનનું કાર્ય પણ કરતી હોય તો પુરુષે પણ પોતાની કારકિર્દી સંભાળવાની સાથે ઘરકામ પણ કરતાં શીખવું પડશે. પુરુષ જો બહાર કામ કરીને થાકીને ઘરે આવે છે તો શું સ્ત્રી બહાર કામ કરીને થાકતી નથી? ઘરમાં કામ કરવાની જવાબદારી શું એકલી સ્ત્રીની જ છે? આપણે જ્યારે સ્ત્રીપુરુષ સમાનતાની, સમાન હિસ્સેદારીની વાત કરીએ ત્યારે સમાન હિસ્સેદારી બંને પક્ષે સરખી હોવી જોઈએ. ત્યારે જ સ્ત્રીપુરુષમાં સમાનતા જળવાશે.

આ તો થઈ ઘરકામની વાત. હવે વાત કરીએ વિચારસરણીની. એક આર્થિક રીતે સદ્ધર સ્ત્રીની વિચારસરણી ઘણી મજબૂત બની ગઈ હોય છે. એનું પોતાનું એક વ્યક્તિત્વ હોય છે, એક વિચારસરણી હોય છે. લગ્ન બાદ નવા ઘર, નવા માહોલ અને નવી વિચારસરણી સાથે તેનો તાલ-મેલ બેસવામાં મુશ્કેલી પડે છે. આવા સમયે જો પુરુષ કે સાસરાપક્ષની વ્યક્તિઓ ધીરજ અને શાંતિ રાખે, એને થોડો સમય આપે અને તેના વ્યક્તિત્વનો સંપૂર્ણ સ્વીકાર કરે ત્યારે જ તેમના લગ્નજીવનની નૈયા આગળ વધી શકે છે. આજે જ્યારે કમાતી સ્ત્રી છૂટાછેડા લે ત્યારે દોષનો ટોપલો તેના માથે એમ કહીને ઢોળી દેવામાં આવે છે,’એ તો કમાય છે એટલે કોઈનું પણ સાંભળે શા માટે?’ પરંતુ અહીં સ્ત્રીની આર્થિક સધ્ધરતાનો દોષ નથી, પણ દોષ છે એ રૂઢિગત વિચારસરણીનો જે સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરવા તૈયાર નથી. શા માટે સ્ત્રી પાસે જ એડજસ્ટમેન્ટ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે? લગ્ન બંને એ કાર્ય છે તો એડજસ્ટમેન્ટ પણ બંનેએ કરવું જોઈએ. આખરે લગ્નમાં સ્ત્રી અને પુરુષ બંનેએ એકબીજાનો સંપૂર્ણ સ્વીકાર કરવાનો હોય છે. તો શું આર્થિક રીતે સધ્ધર સ્ત્રીના વ્યક્તિત્વને સ્વીકારવા આજના યુવાનો માનસિક રીતે તૈયાર છે? ‘આંતરાષ્ટ્રીય વીમેન્સ ડે’ નિમિત્તે મારે કહેવું છે કે સ્ત્રીએ તો પોતાની લાયકાત, પોતાની ક્ષમતા બતાવી દીધી છે. હવે વારો છે આજના પુરુષોનો. આર્થિક રીતે સધ્ધર છોકરી જ્યારે લગ્ન માટે તૈયાર થાય છે ત્યારે તેને એક પતિની નહિ પરંતુ એક પાર્ટનરની ઝંખના હોય છે. શું આજનો પુરુષ, તે સ્ત્રી સાથે તેના પાર્ટનર તરીકે કદમથી કદમ મેળવીને તેની સાથે ચાલવા તૈયાર છે? તમને શું લાગે છે? જરૂરથી જણાવજો. ચાલો, આવજો. ફરી મળીશું આવતા સપ્તાહે....

- સંપાદક

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર **વૈભવી વિજયકુમાર શાહની** છે. તેણે ડિપ્લોમા ઈન આર્કિટેક્ચરનો અભ્યાસ કર્યો છે. એને રાઈફલ શૂટીંગ, હોર્સ રાઈડીંગ, કાર ડ્રિફ્ટિંગનો શોખ છે. એમણે આણંદજી બેન્ડ, કીર્તિદાન ગઢવી, સોનુ નિગમ, કાર્તિક આર્યન, વિદ્યા બાલન, સાજિદ ખાન જેવી સેલિબ્રિટીઝ સાથે ઈવેન્ટમાં એન્કરીંગ કર્યું છે.